## રાજ્યના નાગરિકોને હોળી-ધૂળેટીના પર્વની શુભકામનાઓ પાઠવતા રાજ્યપાલશ્રી

ગુજરાતના રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીએ હોળી-ધૂળેટીના પવિત્ર પર્વે રાજ્યના સૌ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. રાજ્યપાલશ્રીએ તેમના સંદેશમાં જણાવ્યું છે કે ઉત્સાહ અને ઉમંગથી ઉજવાતું રંગોનું આ પાવન પર્વ સમાજમાં પ્રેમ, શાંતિ અને પરસ્પર સદ્‌ભાવને મજબૂત બનાવશે.

## હોળી-ધૂળેટી પર્વે મુખ્યમંત્રીની પ્રજાજનોને શુભેચ્છાઓ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના સૌ નાગરિકોને હોળી-ધૂળેટીના પર્વની શુભકામનાઓ પાઠવી છે. મુખ્યમંત્રીએ રંગોનું આ પર્વ આપસી પ્રેમ-બંધુત્વ, સામાજિક સમરસતાને ઉજાગર કરતુ પર્વ બની રહે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

## શાળા પાઠયપુસ્તક મંડળ કર્મચારી એસોસિએશનના હોદેદારો

ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ કર્મચારી એસોસિએશનની સાધારણ સભા તાજેતરમાં યોજાઈ હતી. જેમાં પ્રમુખ તરીકે પ્રવિણ.પી.નાયક અને મહામંત્રી તરીકે ધીરેનભાઈ.પી.રાવળની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ત્યારબાદ તા. ૬ માર્ચને સોમવારના રોજ કારોબારીની બેઠક યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે ઉપપ્રમુખ તરીકે આર. આર. નાયક, આર.એસ. પ્રજાપતિ, સહમંત્રી તરીકે પી. એન. રાવલ, જે.કે.ગામીત, ખજાનચી તરીકે વી.બી.લાવંત્રા સહિત કારોબારી સભ્ય તરીકે ચિરાગ એન.શાહ, આર. ડી. રાઠૌર, એચ. જી. દવે,જી.બી.ચંપાવત, કે. બી. પટેલ, ટી. બી. ડામોર, આર. ડી. માળી, ઈનાબેન મકવાણા, કે.સી.પરમાર, જે.કે.કાપડીયાની વરણી કરાઈ છે.

# ગાંધીનગરમાં ભાજપના ભવ્ય વિજયની ઉજવણી





ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા તાજેતરમાં યોજાયેલી પાંચ વિધાનસભાઓની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં ઉત્તરપ્રદેશ, મણિપુર અને ઉત્તરાખંડમાં ભારતીય જનતા પાર્ટીના થયેલા ભવ્ય વિજયની ઉજવણી ગાંધીનગર મહાનગરના કાર્યાલય કમલમ્ સે. ૨૧ ખાતે કરવામાં આવી હતી.

ગાંધીનગરના મહાનગરના અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), ગાંધીનગર જિલ્લાના અધ્યક્ષ નૈલેશભાઈ શાહ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મેયર પ્રવિણભાઈ પટેલ, દેવેન્દ્રસિંહ, ગુડાના ચેરમેન આશીષભાઈ દવે, કોર્પોરેટર નાઝાભાઈ, નીતિનભાઈ પટેલ સહિત તમામ કોર્પોરેટરો ગાંધીનગર મહાનગરના પદાધિકારીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌને મિઠાઈ ખવડાવી તથા આતશબાજીનો કાર્યક્રમ યોજીને વિજયોત્સવની ઉજવણી કરવામાં આવી હતી તથા વિજય બદલ રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ઉત્તરપ્રદેશના પ્રદેશ અધ્યક્ષ કેશવપ્રસાદ મૌર્ય, ઉત્તરપ્રદેશ ભાજપના તમામ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ તથા ઉત્તરપ્રદેશની જનતાને અભિનંદન આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત તમામ ૮ વોર્ડોમાં પણ આતશબાજી સાથે વિજયોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ગાંધીનગર સમાચારના જન્મ દિને હાર્દિક શુભકામનાઓ...

**નવજીવન ખાદી ગ્રામોદ્યોગ સેવા સંઘ, પાલનપુર**

વળતર.........વળતર.........વળતર.........વળતર......

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતરનો લાભ મેળવો



સુતરાઉ ખાદી – ૨૫% વળતર
પરપ્રાંત ખાદી – ૧૫% વળતર
પોલીવસ્ત્ર – ૨૫ % વળતર
ગરમ ખાદી – ૨૫ % વળતર

આ ઉપરાંત રંગીન ખાદી, ચેક્ષ ખાદી, શર્ટ, ઝભ્ભો, ગાદલા, રજાઇ, ઓશીકા, શેતરંજી, ટુવાલ, આસન, આસનપટ્ટા, સાબુ, અગરબત્તી, મધ, શેમ્પુ તેમજ ગ્રામોદ્યોગની વેરાયટીઝ મળશે.

:- સ્થળ :-

**નવજીવન ખાદી ગ્રામોદ્યોગ સેવા સંઘ, પાલનપુર**

જુના ગંજ બજાર, ભારતીય સ્ટેટ બેન્ક સામે, રામાપીરના મંદિરની બાજુમાં, પાલનપુર, ફોન : ૨૫૬૩૧૧

ખાદીમાં વિશેષ વળતરનો લાભ લેવા અવશ્ય પધારો.

ગાંધીનગર સમાચારને જન્મ દિવસ પ્રસંગે શુભકામનાઓ પાઠવીએ છીએ...

**CITY**
**ENGLISH MEDIUM SCHOOL**
BAYAD

સરકાર માન્ય નં. જિશિસ/વહટ-૨/ખા.પ્રા.શાળા/વ/એ-૩૮/૨૬૭-મંજુરી/૦૮

School Code : 24270601128

Bayad-Vatrak Road,
BAYAD
PIN - 383325
Dist. Arvalli (Gujarat)

- સીટી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ (પ્લે ગૃપથી ધોરણ-૮)
- સીટી ગુજરાતી પ્રાથમિક શાળા (પ્લે ગૃપથી ધોરણ-૮)

દેવીકૃપા સેવા ટ્રસ્ટ સંચાલિત
CITY ENGLISH MEDIUM SCHOOL
BAYAD

ટ્રસ્ટી - પટેલ જીતુભાઈ એન.
આચાર્ય - તુરી મિતેષ બી.
મેનેજીંગ ટ્રસ્ટી - ગૌરાંગ પટેલ




